# પુસ્તકો એક પટારો

વર્ષા અડાલજા

ગયા વર્ષે એક નિવૃત્ત ગુજરાતી પ્રોફેસરનો ફોન આવ્યો,

‘‘એક વખત જે કૉલેજમાં હું અધ્યાપક હતો, એ કૉલેજની લાઇબ્રેરીમાં ઘણાં ગુજરાતી પુસ્તકો ભોંયરા જેવા ખંડમાં નધણિયાતા સામાનની જેમ પડ્યાં ધૂળ ખાય છે. તેને બચાવી લેવાની વ્યવસ્થા કરો તો પરવાનગી મેળવી લઉં.’’

મેં તરત હા પાડી અને પછી શરૂ થયું પુસ્તક બચાવો અભિયાન. હું અને મારા પ્રકાશકમિત્રનાં પત્ની વહેલી સવારથી એ ભોંયરામાં ઊતરતાં (ભાખરી-શાકનો ડબ્બો લઈને), ટેબલ પર અને ભોંય પર પુસ્તકોના ઢગલા. કૉલેજની એક શરત, દરેક પુસ્તકની વિગતો તેમને લખી આપવાની હતી, ‘એક વેળા અમારી પાસે આ પુસ્તકો હતાં’ એવી ફાઈલ સાચવી રાખવા માટે. મોઢે મુમતી બાંધી એક એક પુસ્તક પરની ધૂળ ઝાટકી અમે ગોઠવતાં ગયાં. મોડી સાંજે અમે રાફડો થઈ જતાં. પૂરા ચાર દિવસે પુસ્તકોને પુસ્તકપણું પાછું મળ્યું.

એક સમયે મુંબઈની કૉલેજોમાં ગુજરાતી વિષયની બોલબાલા હતી. કવિઓ, વિવેચકો, વિદ્વાનો, અધ્યાપકો હતા. માટુંગાની રામનારાયણ રૂઈયા કૉલેજમાં હું બી.એ.માં ગુજરાતી ભણતી ત્યારે વર્ગમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ – વિદ્યાર્થિનીઓ જેટલા વિદ્યાર્થીઓ. અમૃતલાલ યાજ્ઞિકના વ્યાખ્યાનમાં વિજ્ઞાનના વિદ્યાર્થીઓ પણ બારી પર, કોરીડોરમાં ઊભા રહેતા. આ બધી કૉલેજોમાં ગુજરાતી પુસ્તકોની વિશાળ લાઇબ્રેરી હતી. અમે તો રીતસર ધાડ પાડી. જે કૉલેજમાંથી પુસ્તકો લઈ આવ્યાં ત્યાં પણ પુસ્તકોનો અમૂલ્ય ખજાનો હતો. ત્યાંથી મને ગાંધીજીની ‘હિંદ સ્વરાજ’ની, ખાદીથી મઢેલી પ. આ.ની નકલ મળી જેનાં અડધાં પાનાં ઊંધાં બંધાયાં છે. (પરદેશમાં એનાં કેવાં દામ ઊપજે !) પુસ્તકો સાફ કરી ખોખામાં પેક કરી કુમારપાળને વિશ્વકોશની લાઇબ્રેરીમાં સાચવવા મોકલી આપ્યાં. હજી એ લાઇબ્રેરીમાં સારી એવી સંખ્યામાં ગુજરાતી પુસ્તકો હતાં, પણ કહેવામાં આવ્યું, પછી જોઈશું.

કેટકેટલી જગ્યાએ, દાટેલા સુવર્ણચરુ જેવાં પુસ્તકો કેવી હાલતમાં હશે ! ઇલા આરબ મહેતા વર્ષો સુધી જ્યાં અધ્યાપક હતાં ત્યાં અત્યંત સમૃદ્ધ ગુજરાતી પુસ્તકોની લાઇબ્રેરી છે, હવે ત્યાં ગુજરાતી વાંચનાર, ભણનાર કોઈ નથી. પણ વિનંતી છતાં પુસ્તકો ન મળ્યાં, એ જ રીતે દીપક મહેતાને પણ એક કૉલેજમાંથી સ્પષ્ટ નનૈયો મળ્યો.

મેં દાટેલા સુવર્ણચરુ જેવાં પુસ્તકોની વાત કરી. એવાં પુસ્તકો કાઢી નાંખવાનાં છે’ની વાત એક વાર કાને પડતાં મેં ખંખોળીને ઘરે આણેલાં થોડાં પુસ્તકોમાં છે

'મિથ્યાભિમાન' નાટક : છઠ્ઠી આ. ૧૯૧૪ : પ્રત : ૧૦૦૦, લે. કવીશ્વર દલપતરામ, કિંમત છ આના; ''ललितादु:खदर्शक'' છઠ્ઠી આ. પ્રત ૧૨૦૦૦, કિંમત આઠ આના, લે. રણછોડભાઈ ઉદયરામ, પ્રગટ સાલ જેષ્ઠ વદિ ૫ સંવત ૧૯૫૧; ''અમરસત્ર' નાટક, કર્તા દોલતરામ કૃપારામ પંડ્યા, સને ૧૯૦૨, સંવત ૧૯૧૮; ''વીણા'' વાર્ષિક (સામયિક), ૧૯૨૬; રવિશંકર પંડિતનાં સુંદર ચિત્રો સાથે એનાં લેખકોમાં જાણ્યાં-અજાણ્યાં કેટલાં નામ !

'રંગભૂમિ' નાટકના સામયિકની ૧૯૨૨થી ૧૯૨૪ સુધીના અંકોની ફાઈલ મળી. (તંત્રી નૃસિંહ વિભાકર) – વાર્ષિક લવાજમ રૂ. ૭. તેમાં ખૂબ સુંદર ચિત્રો છે. ભજવાતા નાટકની અલભ્ય તસવીરો છે. એમાં લંડનની રંગભૂમિ પર સતસવીર લેખો છે, ફ્રાન્સની નૃત્યકળા, ગ્રીસની રંગભૂમિ તો ગુજરાતની નાટક મંડળીઓ વિશે તસવીરો સાથેના લેખો છે.

આ એક જ ફાઈલ મળી શકી છે, બીજા અંકોની મુંબઈમાં ભાળ મળી નથી.

એક સમયે ઘણાં ગુજરાતી ઘરોમાં નાનીસરખી લાઇબ્રેરી રહેતી, સામયિકો આવતાં. હવે, ધીમે ધીમે ઘણાં ઘરમાંથી પુસ્તકોની નાની અભેરાઈ પણ ગઈ. જગ્યાનો અને રસનો અભાવ. ઘરમાં ઊછરતી બીજીત્રીજી પેઢીને ગુજરાતી આવડતું નથી અને બીજાં અનેક મનોરંજન અને માહિતીનાં ઉપકરણો ઉપલબ્ધ છે, જે વ્યવસાય અને વ્યવહારમાં ઉપયોગી છે, જે વાપરવા સ્ટેટસ સિમ્બોલ પણ છે.

શાળા, કૉલેજોમાં, મંડળોમાં કે કોઈ કોઈ ઘરોના ખૂણેખાંચરે પુસ્તકો હશે, એમાંનાં થોડાં તો અમૂલ્ય હશે. જે શોધીને-સાચવીને લાઇબ્રેરીમાં સ્થાન પામે તો તેને પુનર્જીવન મળે. એનું સાહિત્યિક, ઐતિહાસિક અને સામાજિક મૂલ્ય છે, દસ્તાવેજ છે. આપણી સાહિત્યની તવારીખનો એક હિસ્સો છે.

પુસ્તકો એક પટારો છે. એ સચવાશે તો એમાં આપણી ભાષા સચવાશે, સંસ્કૃતિ સચવાશે, સાહિત્યનાં રખોપાં થશે. કરવટ બદલતો સમાજ, બદલાતી વિચારધારા, પરંપરા અને મૂલ્યોનું પણ એમાં પ્રતિબિંબ. સ્થાવર અને જંગમ મિલકતના વારસા માટે સહુ ચિંતિત. સતર્ક. એના કબજા માટે ખરાખરીના ખેલ ખેલાય, કોર્ટયુદ્ધ થાય. આપણા સાહિત્યિક સાંસ્કૃતિક વારસાનું મૂલ્ય એથી લગીરે ઓછું નથી.